રાજ્યની તબીબી કોલેજોમાં સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતા ઓલ ઇન્ડિયા ક્વોટાના ઉમેદવારો પાસેથી ગ્રામ્ય સેવા બજાવવા અંગે લેવાતા બોન્ડ નાબુદ કરવા બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: એમસીજી-૧૦૧૩-સીસી-૨૯-જ
સચિવાલય, ગાંધીનગર
તા:૨૨/૫/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એમસીજી/૧૦૧૩/એસએફએસ-૫૪/જ, તા:૧/૭/૨૦૧૩

પ્રસ્તાવના:-

નામ. સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડિયા સમક્ષની આઇ એ નં ૯-૧૩ ઇન સીવીલ અપીલ નં ૧૯૪૪/૧૯૯૩, આનંદ એસ. બીજીની વિરૂધ્ધ કેરાલાના કેસમાં તા: ૨૭/૭/૨૦૦૧ ના રોજ ચુકાદો આપેલ છે. આ ચુકાદામાં સ્પષ્ટપણે દર્શાવેલ છે કે " રાજ્યો અને કોલેજો મેડીકલ કોલેજોમાં ઓલ ઇન્ડિયા ક્વોટાના વિદ્યાર્થીઓને પ્રવેશ માટે "રાજયની જરૂરિયાતો સંતોષવા જુદી જુદી શરતો માટે ફરજ પાડી શકે નહિ. ગુજરાત રાજ્ય ઓલ ઇન્ડિયા ક્વોટાના વિદ્યાર્થીઓને ત્રણ વર્ષની ગ્રામ્ય સેવાની અવેજીમાં બોન્ડ રજુ કરવા માટે જણાવી ન શકે.

આ વિભાગના સંદર્ભમાં વંચાણે લીધેલા તા.૧/૭/૨૦૧૩ના ઠરાવને અનુલક્ષીને પીટીશનર ઓલ ઇન્ડિયા પી.જી. મેડીકલ સ્ટુડન્ટસ એસોસીએશન, ગુજરાત એન્ડ અધર્સ દ્વારા નામ. વડી અદાલત, અમદાવાદમાં ખાસ દિવાની અરજી નં. ૧૪૩૭૬/૨૦૧૩ દાખલ કરેલ છે. તેમાં સદરહુ એસોસીએશનના સભ્ય શ્રી કુમાર ઉત્સવએ આરટીઆઇ એક્ટ-૨૦૦૫ હેઠળ ભારત સરકારના ડાયરેક્ટર જનરલ ઓફ હેલ્થ સર્વીસીસ (ડી.જી.એચ.એસ.) ની કચેરીએથી માહિતી મેળવેલ હતી તેમાં અરજદારની રજૂઆત એ હતી કે શું રાજ્ય સરકાર સુપ્રિમ કોર્ટના તા.૨૭/૭/૨૦૦૧ ના ચુકાદા પછી પણ એડમીશન માટે બોન્ડ / ગ્રામીણ સેવા બાબતે વધારાની શરત લાદી શકે કે કેમ? તેના જવાબમાં ડી.જી.એચ.એસ, ભારત સરકારે તા:૨૮/૭/૨૦૧૫ના પત્ર ક્રમાંક: Z-28014/68/2015-MEC થી ઉત્તરમાં સ્વીકાર કરેલ છે કે રાજ્ય સરકારો બોન્ડ / ગ્રામીણ સેવા માટે વધારાની શરતો લાદી શકે નહિં. આ બાબતે પણ પીટીશનરે નામ. વડી અદાલતમાં

Scanned by CamScanner

એફિડેવીટ કરેલ છે, જેની નોંધ નામ. વડી અદાલતે લીધેલ છે. આથી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગે તેના તા: ૧/૭/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક: એમસીજી/૧૦૧૩/એસએફએસ-૫૪/જ થી ઓલ ઇન્ડિયા ક્વોટાના તબીબી વિદ્યાર્થીઓ માટે બોન્ડ તેમજ ગ્રામીણ સેવાની નીતિ અમલમાં મુકેલ છે. તે રદ કરવાની બાબત સરકારના સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાના અંતે, વિભાગના તા:૧/૭/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક: એમસીજી/૧૦૧૩/એસએફએસ-૫૪/જ થી જોગવાઇ ક્રમાંક ૬ માં કરવામાં આવેલ નીચે મુજબનો સુધારો મૂળ અસરથી રદ કરવામા આવે છે.

"(૬) ઉક્ત જોગવાઇઓ સ્નાતક અભ્યાસક્રમોમાં કેંદ્ર સરકાર માટે અનામત એવા ઓલ ઇન્ડિયા ક્વોટાના ૧૫% તબીબી વિદ્યાર્થીઓ ને તેમજ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં કેંદ્ર સરકાર માટે માટે અનામત એવા ઓલ ઇન્ડિયા ક્વોટાના ૫૦% તબીબી વિદ્યાર્થીઓ ને <u>પણ લાગુ પડશે"</u>

(૨) કેંદ્ર સરકાર માટે અનામત ઓલ ઇન્ડિયા ક્વોટામાં સ્નાતક તેમજ અનુસ્નાતક તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર તમામ તબીબી વિદ્યાર્થીઓને રાજ્ય સરકારની ઓછામાં ઓછી ત્રણ વર્ષની ગ્રામ્ય સેવાઓની બાંહેધરી રૂપે બોન્ડ તેમજ ગ્રામ્ય સેવાની જોગવાઇઓ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ થી લાગુ પડશે નહીં.

(૩) વિભાગના તા: ૧/૭/૨૦૧૩ ના ઠરાવ અન્વયે ઓલ ઇન્ડિયા ક્વોટાના તમામ તબીબી વિદ્યાર્થી પાસેથી બાંહેધરી લીધી હોય તો તે પરત કરવાની રહેશે.

(૪) વિભાગના તા: ૧/૭/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક : એમસીજી/૧૦૧૩/એસએફએસ-૫૪/જ ની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.જી.વણઝારા)
અધિક સચિવ
આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ

નકલ રવાના:-
-માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર
-માન.નાયબ મુખ્ય મંત્રીશ્રી(આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

Scanned by CamScanner

-માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-કમિશ્નરશ્રી (આરોગ્ય), તબીબી સેવા અને તબીબી શિક્ષણ, જીવરાજ મેહતા ભવન ગાંધીનગર

-અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ,બ્લોક નં:૪ ,જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર

-ચીફ એક્ઝેક્યુટીવ ઓફીસરશ્રી, જીએમઇઆરએસ, જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, ગાંધીનગર

-ડીનશ્રી,સરકારી મેડીકલ કોલેજ,અમદાવાદ, વડોદરા,સુરત,ભાવનગર,જામનગર,રાજકોટ

-ફાઇલ ક્રમાંક: એમસીજી/૧૦૧૩/એસએફએસ-૫૪/જ

-સિલેક્ટ ફાઇલ-૨૦૧૮

Scanned by CamScanner